# એનડીએમાં ભંગાણ નિશ્ચિત

નવી દિલ્હી,તા. ૧૪

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર



મોદીને આગામી લોકસભાની ચૂંટણી માટે ભાજપની પ્રચાર સમિતિના વડા તરીકેની જવાબદારી સોંપવામાં આવ્યા બાદ ભાજપ અને જેડીયુ વચ્ચેના સંબંધો તૂટી પડવાના આરે પહોંચી ગયા છે. બંને વચ્ચે ભંગાણનું સંકટ તોળાઈ રહ્યુ છે ત્યારે આજે જનતાદળ યુનાઈટેડના પ્રમુખ અને એનડીએના કન્વીનર શરદ યાદવે કહ્યુ હતુ કે એનડીએ સાથે છેડો ફાડી લેવા ભાજપને હજુ સુધી કોઈ પણ અલ્ટિમેટમ આપ્યુ નથી. શરદ યાદવે કહ્યુ હતુ કે જેડીયુએ હંમેશા કહ્યુ છે કે નરેન્દ્ર મોદીની ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે નિમણૂંક ભાજપનો આંતરિક મામલો છે પરંતુ જેડીયુના નેતાઓને નરેન્દ્ર મોદીની નિમણૂંક બાદ ભાજપના નેતાઓ દ્વારા કરવામાં આવેલા નિવેદનો સામે વાંધો છે. ગોવામાં જે નિવેદન કરાયા હતા જે રાષ્ટ્રીય એજન્ડા કરતા જુદા હતા. ભાજપ અને જેડીયુ વચ્ચે સંબંધોમાં તિરાડ થયાવત દેખાઈ રહી છે. શરદ યાદવે કબૂલાત કરી હતી કે બંને વચ્ચે ગઠબંધનમાં ઘણી તકલીફો ઉભી થઈ છે. રાષ્ટ્રીય એજન્ડાથી આ વિપક્ષી ગઠબંધન અન્યત્ર વળી ગયુ છે તે અંગે ચિંતા વ્યક્ત કરતા શરદ યાદવે કહ્યુ હતુ કે તાજેતરમાં ચોક્કસ એવા ઘટનાક્રમ થયા છે જે એનડીએના રાષ્ટ્રીય એજન્ડાની બિલકુલ વિરુદ્ધમાં છે. ભાજપના નેતા રાજીવ પ્રતાપ રૂડીએ પણ આજે ફરી એકવાર કહ્યુ હતુ કે મોદીની જેડીયુ અને ભાજપ બંનેને જરૂર છે. યાદવે તેમના નિવેદનમાં કહ્યુ હતુકે ભાજપને કોઈ અલ્ટિમેટમ અમે આપ્યુ નથી. આ સંબંધમાં મીડિયામાં પ્રકાશિત અહેવાલ આધાર વગરના છે. છેલ્લા થોડાક દિવસમાં ભાજપની અંદર જે ઘટનાક્રમ થયા છે તે માટે અમે ચોક્કસપણે ચિંતિત છીએ. આવતીકાલથી જેડીયુની બે દિવસની બેઠક શરૂ થઈ રહી છે જેમાં આ તમામ મુદ્દાઓ પર ચર્ચા કરાશે. ભાજપ સાથે સમાધાન અંગે પુછવામાં આવતા યાદવે કહ્યુ હતુકે ચોક્કસપણે તમામ વિકલ્પો હજુ પણ ખુલ્લા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા સૂચિત ફેડરલ મોરચાની શક્યતા અંગે વાત કરવામાં આવતા યાદવે કોઈ ટિપ્પણી કરી ન હતી. તેમણે કહ્યુ હતુ કે આ પ્રશ્નો હજુ ઉપસ્થિત થતો નથી. એનડીએ હજુ અસ્તિત્વમાં છે. બિહારમાં જેડીયુની બહુમતિ અંગે પુછવામાં આવતા યાદવે કહ્યુ હતુકે અમે ગઠબંધનમાં છીએ જેથી આવી વાત કરવી યોગ્ય નથી.

## જેડીયુ સાથે છેડો ફાડવા બિહાર ભાજપની મંજૂરી

પટણા,તા. ૧૪

ચૂંટણી પ્રચાર સમિતીના વડા તરીકે ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની નિમણૂક કરવામાં આવ્યા બાદથી ભાજપ અને જેડીયુ વચ્ચેના સંબંધો વણસી ચુક્યા છે. આવી સ્થિતીમાં ભાજપ દ્વારા પણ હવે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. ગઠબંધનના મામલે જેડીયુના નેતાઓ દ્વારા જવાબદારીવગરના નિવેદનના કારણે બિહાર ભાજપના એકમના નેતાઓ હવે ત્રાસી ગયા છે. મળેલી માહિતી મુજબ હવે બિહાર ભાજપે જેડીયુ સાથે છેડો ફાડી લેવાની મંજૂરી આપી દીધી હોવાના અહેવાલ મળ્યા છે. જેથી હવે બન્ને પક્ષો વચ્ચે ભંગાણ નિશ્ચિત છે. કોઇ પણ સમય છેડો ફાડી લેવાની જાહેરાત કરવામાં આવી શષકે છે. ભાજપ એકમ દ્વારા તેના હોદ્દેદારોની તાકીદની બેઠક ગઇકાલે પણ યોજાઇ હતી. જેમાં હાલમાં ઉભી થયેલી સ્થિતી પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી અને પક્ષ પ્રમુખ રાજનાથસિંહને બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમાર દ્વારા કોઇ ખાતરી આપવામાં આવી નથી એવી સ્થિતીમાં બાજપ એકમ ભારે નારાજ છે. ભાજપના હોદ્દેદારો જેડીયુ સાથે સંબંધ તોડી લેવા તેમની મંજૂરી આપી ચુક્યા છે.

દરમિયાન અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નાયબ મુખ્યપ્રધાન સુશીલ કુમાર મોદીએ કોઇ પણ કામ માટે તેમની મંજૂરી ન લેવા અધિકારીઓને આદેશ આપી ચુક્યા છે. જે સુચન કરે છે કે બિહાર ભાજપ પહેલાથી જ પોતાને ગઠબંધનથી અલગ ગણે છે. અન્ય એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે રાજ્યમાં ભાજપના નેતાઓ બિહારમાં એનડીએ ગઠબંધનના અસ્તિત્વ સામે જેડીયુના નેતાઓ પ્રશ્નો કરી રહ્યા છે જેથી ભાજપના નેતાઓ નારાજ થયેલા છે. ગઇકાલે બોલાવવામાં આવેલી બેઠક ત્રણ કલાક સુધી ચાલી હતી. જેમાં ભાજપના ઉપપ્રમુખ સીપી ઠાકુરે હાજરી આપી હતી. નાયબ મુખ્યપ્રધાન સુશીલ કુમાર મોદી પણ હાજર રહ્યા હતા. જેડીયુને હાલમાં કોઇ ખાતરી આપવી સરળ નથી.

## મમતાના ફેડરલ મોરચામાં મુલાયમ સામેલ નહી થાય

કોલકત્તા,તા. ૧૪

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન અને તૃણમૂળ કોંગ્રેસના વડા મમતા બેનર્જી દ્વારા ફેડરલ મોરચાની રચનાના પ્રયાસો વદુ તીવ્ર બનાવી દેવામાં આવ્યા છે. બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમાર અને ઓરિસ્સાના મુખ્યપ્રધાન નવીન પટનાઈક દ્વારા હકારાત્મક સંકેત આપી દેવામાં આવ્યા બાદ પ્રયાસો તીવ્ર બનાવી દેવામાં આવ્યા છે. પરંતુ સમાજવાદી પાર્ટી સુચિત ફેડરલ મોરચા અથવા તો ત્રીજા મોરચામાં સામેલ થાય તેવી શક્યતા ઓછી છે. કારણ કે અગાઉ આ બન્ને પક્ષો વચ્ચે મતભેદો થઈ ચુક્યા છે. કેન્દ્રમાં કોંગ્રેસ અને ભાજપનો સામનો કરવા હાલમાં ત્રીજા મોરચાના પ્રયાસો ચાલી રહ્યા છે. મુલાયમના અગાઉને વલણને મમતા ભુલવા માંગતા નથી. સુત્રોએ કહ્યું છે કે ગયા વર્ષે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મુલાયમસિંહ યાદવે મમતા બેનર્જી સાથે મળીને સંયુક્ત પત્રકાર પરિષદમાં એપીજે એબ્દુલ કલામને ટેકો આપવાની જાહેરાત કરી હતી પરંતુ છેલ્લી ઘડીએ મુલાયમે વલણ બદલી દીધુ હતુ અને કોંગ્રેસના ઉમેદવાર પ્રણવ મુખરજીને ટેકો આપી દીધો હતો. જેથી આ અનુભવને મમતા ભુલ્યા નથી. છેલ્લા કેટલાક દિવસથી જેડીયુ અને ભાજપ વચ્ચેના સંબંધો ખરાબ થઈ ગયા છે.

આવી સ્થિતીમાં જેડીયુના નેતાઓ ભાજપ સાથે તેના ગઠબંધનને તોડી નાંખવાના પ્રયાસો કરી રહ્યા છે. મમતા દ્વારા હાલમાં તેમના બિહાર અને ઓરિસ્સાના સમકક્ષ સાથે બેઠક યોજવામાં આવી ચુકી છે. પરંતુ મુલાયમસિંહ સાથે સામેલ થવાની કોઇ યોજના દેખાતી નથી. તૃણમૂળ કોંગ્રેસના નેતા સુલ્તાન અહેમદે કહ્યું છે કે મુલાયમ સિંહની રાજકીય ઈમેજ સ્વચ્છ નથી. તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જે કઇ પણ બન્યુ તે ભુલ્યા નથી. તૃણમૂળના ઉત્તરપ્રદેશના રાજકીય નિરિક્ષક આસીફ અહેમદ ખાને કહ્યું છે કે મુલાયમ ક્યારેય કોંગ્રેસની સામે જશે નહી. ટીએમસીના નેતાઓના જણાવ્યા મુજબપક્ષ જનતા જળ (એસ), તેલુગુ દેશમ, વાયએસઆર કોંગ્રેસ અને ટીઆરએસ, ઈન્ડિયન નેશનલ લોકદળ અને બહુજન સમાજ પાર્ટી, આસામ ગણ પરિષદની સાથે વાતચીત કરી રહી છે.

## ૨૦૫૦ સુધી દુનિયાની વસ્તી ૯.૬ અબજ થશે

વોશિંગ્ટન, તા. ૧૪

સંયુક્ત રાષ્ટ્રએ એક રીપોર્ટમાં જણાવ્યું છે કે દુનિયાની હાલની ૭.૨ અબજની વસ્તીમાં આગામી ૧૨ વર્ષોમાં ૧૦ લાખથી વધુનો વધારો થશે. ૨૦૫૦ સુધી આ સંખ્યા ૯.૬ અબજ સુધી પહોંચી જશે. વિશ્વ સંસ્થા તરફથી જારી કરવામાં આવેલા એક રીપોર્ટમાં જણાવાયુ છે કે વસ્તીમાં થતો સતત વધારો આફ્રિકામાં અડધાથી વધુ હોવાની સાથે સાથે મુખ્ય સ્વરૂપે વિકાસશીલ દેશોમાં થશે.

આર્થિક અને સામાજીક મામલાના સેક્રેટરી જનરલ વૂ હોંગબૂએ જણાવ્યું હતું કે જો કે વસ્તી વધારાનાં દરમાં ઘટાડો થયો છે. પરંતુ રીપોર્ટ એમ દર્શાવે છે કે કેટલાક વિકાસશીલ દેશો ખાસ કરીને આફ્રિકામાં વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે. 'વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટસ ધ : ૨૦૧૨'નાં રીવીઝન શીર્ષક હેઠળનાં રીપોર્ટમાં જણાવ્યું છે કે વિકસીત દેશોની વસ્તી હાલ લગભગ ૧.૩ અબજ છે. જે ૨૦૫૦ સુધી એટલી જ રહેશે તેમાં ખાસ કોઈ પરિવર્તન થશે નહીં. પરંતુ ૪૯ વિકાસશીલ દેશોમાં જે વસ્તી હાલ ૯૦ કરોડની છે તે ૨૦૫૦માં વધીને ૧.૮ અબજ થઈ જશે. ગત અનુમાનની સરખામણીમાં કુલ વસ્તીનાં નવા અનુમાન એટલા માટે વધુ છે કારણ કે કેટલાક દેશોમાં પ્રજનન સ્તર અંગે નવી સૂચના મળી છે. ઉપસહારા આફ્રિકાનાં ૧૫ દેશોમાં પ્રજનન દર સૌથી વધુ છે. કેટલાક કિસ્સામાં પ્રજનન વાસ્તવિક સ્તરમાં તાજેતરનાં વર્ષોમાં વધારો થયો છે.

## અમરનાથની યાત્રા પહેલા શિવલિંગ ઓગળતા ચિંતા

જમ્મુ,તા. ૧૪

પવિત્ર અમરનાથ યાત્રા શરૂ થાય તે પહેલા જ કુદરતી રીતે બનતા શિવલિંગનો ૪૦ ટકા હિસ્સો ઓગળી ગતા શ્રદ્ધાળુઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. લોકોમાં પણ તર્ક વિતર્કોનો દોર શરૂ થયો છે. વાર્ષિક અમરનાથ યાત્રા શરૂ થાય તે પહેલાજ કુદરતી રીતે બનતા શિવલિંગનુ કદ ઘટી ગયું છે. એહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૮મી જુનના દિવસે અમરનાથ યાત્રા શરૂ થાય તે પહેલા ૪૦ ટકા શિવલિંગ ઓગળી ગયુંછે. આની સાથે જ શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઘટાડો જોવા મળે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. શિવલિંગ ઓગળી જવા માટે ના કોઈ કારણ આપવામાં આવ્યા નથી. અમરનાથની યાત્રામાં દર વર્ષે લાખોની સંખ્યામાં લોકો પહોંચે છે. શિવલિંગના દર્શન કરવા માટે પડાપડી થાય છે. અહેવાલામાં એવો દાવો પણ કરવામાં આવ્યો છે હજુ પણ શિવલિંગના કદને વધારે અસર થઈ શકેછે. કેટલાક જાણકાર નિષ્ણાંત લોકો માની રહ્યા છે કે ગ્લોબલ વોર્મિંગની અસર દેકાઈ રહી છે.. કેટલાક એમ પણ માની રહ્યા છે કે શ્રદ્ધાંળુઓની સંખ્યા હાલમાં વધી છે જે એક કારણ છે. એક કારણ એ પણ આપવામાં આવ્યું છે કે અમરનાથ ગુફામાં સુરક્ષા જવાનોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એનએન વોરાએ યાત્રાની તૈયારીની સમીક્ષા કરી હતી. વોરા દ્વારા તૈયારીની સમીક્ષા કરવા અને લોકોની સુવિધા તરફ ધ્યાન આપવા માટે બે સભ્યોની સમિતીની પણ રચના કરી છે. પ્રવર્તમાન મામલે વધુ ચર્ચા કરવાનો દોર હાથ ધરવામાં આવ્યો છે.

કુદરતી રીતે બનતા શિવલિંગ ઓગળી જવાની શરૂઆત થતા લોકોની સાથે સાથે સરકાર પણ ચિંતિત છે. કારણ કે અમરનાથ યાક્ષા શરૂ થવા આડે હજુ સપ્તાહોનો સમય છે. છેક ૨૮મી જુનના દિવસે અમરનાથ યાત્રા શરૂ કરવામાં આવનાર છે. લાખો લોકોમાં આની ચર્ચા શરૂ થઈ ગઈ છે. અમરનાથ યાત્રા માટે સુરક્ષા જવાનો પહેલાથી જ તૈનાત કરવામાં આવ્યા છે.

## ભારત-પાકિસ્તાનની વચ્ચે આજે જોરદાર જંગ ખેલાશે

બર્મિંગહામ,તા. ૧૪

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં આવતીકાલે ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રુપ-બીની મહત્વપૂર્ણ મેચ રમાનાર છે. અલબત્ત મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ પહેલાથી જ સેમી ફાઈનલમાં પ્રવેશી ચુકી છે. બીજી બાજુ પાકિસ્તાનની ટીમ સ્પર્ધામાંથી લગભગ બહાર થઈ ચુકી છે. આવી સ્થિતિમાં આ મેચ રમાનાર છે છતાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરંપરાગત મેચ બર્મિંગહામમાં રોમાંચક બને તેવી શક્યતા છે. ઈંગ્લેન્ડમાં મોટી સંખ્યામાં ભારત અને પાકિસ્તાનના લોકો રહે છે. આવી સ્થિતિમાં આ મેચ જોવા માટે આવતીકાલે મોટી સંખ્યામાં ચાહકો પહોંચે તેવી શક્યતા છે. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં આ મેચ ઉપર જ તમામ લોકોની નજર કેન્દ્રિત થયેલી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ હમેશા પરંપરાગતરીતે ખૂબજ રોમાંચક અને જટીલ રહે છે. હાઈટેન્શન વાળી મેચ રહે છે. બંનેની પ્રતિષ્ઠા મેચ સાથે સંકળાયેલી હોય છે. લાંબા ગાળા બાદ બંને ટીમો સામસામે આવી રહી છે. કેપ્ટન ધોની પર વધારે દબાણ દેખાઈ રહ્યુ નથી કારણ કે ટીમ ઈન્ડિયા ખુબ સારા ફોર્મમાં છે. ભારતે પોતાની બંને મેચો જીતી લીધી છે. ચેમ્પિયન્સ ટ્રોફીની ૧૦મી મેચ આવતીકાલે રમાનાર છે. ભારત પોતાના ગ્રુપની ત્રીજી અને છેલ્લી મેચ રમશે. ભારતે પોતાની બંનેમેચો જીતી લીધી છે જેમાં આફ્રિકા અને વિન્ડીઝ સામેની મેચોનો સમાવેશ થાય છે. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમમાં શિખરધવન, રવિન્દ્ર જાડેજા, વિરાટ કોહલી, દિનેશ કાર્તિક ખૂબ સારા ફોર્મમાં છે. સુરેશ રૈના પાસેથી પણ સારા દેખાવની અપેક્ષા રાકવામાં આવી રહી છે. રોહિત શર્મા પણ શાનદાર ફોર્મનો સંકેત આપી



ચુક્યો છે. આવી સ્થિતિમાં ભારતીય ટીમ હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરી શકે છે. બીજી બાજુ મિસ્બાહના નેતૃત્વમાં પાકિસ્તાન પર દબાણ વધી ગયુ છે. મિસ્બાહના નેતૃત્વમાં ટીમમાં કેલાડીઓ ફોર્મમાં દેખાઈ રહ્યા નથી જેના પરિણામ સ્વરૂપે ટીમને હારનો સામનો કરવો પડી રહ્યો છે. મહોમ્મદ હાફિસ, કામરાન અકમલ, સઈદ અજમલ, મહોમ્મદ ઈરફાન, ઈમરાન ફરહાદ કોઈ ઉલ્લેખનીય દેખાવ કરી શક્યા નથી. મેચનું પ્રસારણ બપોરે ત્રણ વાગ્યાથી કરવામાં આવશે.

## સમાચાર ઝલક

- ♥ વેકેશનમાં માઉન્ટ આબુ પર્યટકોથી ઉભરાયું, ઠેર ઠેર સહેલાઇઓની કતારો.
- ♥ ટૂંક સમયમાં આર્થિક સુધારાના શ્રેણીબંધ પગલાં લેવાશે : નાણામંત્રી
- ♥ ફેસબુકથી સી.એ.ની વિદ્યાર્થીનીને પ્રેમજાળમાં ફસાવી બ્લેક મેઇલ કરતો ચાર્ટડ એકાઉન્ટન્ટ.
- ♥ વૈશ્વિક મંદીના કારણે ગુજરાતની કંપનીઓ માટે ૨૦૧૨નું વર્ષ ખરાબ નીવડ્યું.
- ♥ વિશ્વની સૌથી પાતળી રિસ્ટ વોચમાં ૧૫ વર્ષ સુધી પાવર બદલવો નહીં પડે.
- ♥ ભારતનાં અર્ધા ભાગમાં ચોમાસું બે દિવસ વહેલું સક્રીય થયું.
- ♥ અલ્હાબાદ વારાણસીમાં ૧૫૦ બાળકો એચ.આઇ.વી.ના ભોગ બન્યા.
- ♥ ચેરાપુંજીમાં પાણીની તંગી, ૧ ડોલ માટે લાંબી કતારો.
- ♥ થાનમાં દલિત યુવાનની તીક્ષ્ણ હથિયારથી હત્યા કરાઇ.
- ♥ કચ્છની સરહદેથી પાકિસ્તાની પ્રેમપંખીડાને ઝડપી લેતું બીએસએફ.
- ♥ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે રાજકોટમાં ટી-૨૦ મેચ ઓક્ટોબરમાં રમાશે.
- ♥ કાર્બનથી થતાં ગાયોનાં મોત અટકાવવા ગૌરક્ષા સંવર્ધન ટ્રસ્ટની રજૂઆત.
- ♥ ધોરાજીમાં નાની બહેને મોટી બહેનને કીડની આપી મોટપણ દેખાડ્યું.
- ♥ ભારતીય સેનાની ખાનગી માહિતી લીક કરતાં ૬ અધિકારીઓ દોષિત.
- ♥ ભાવનગર જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી લાંચ છટકામાં ઝડપાયા.
- ♥ ચીનમાં બંધ કબાટમાં ૪૦ લાખ રૂપિયાને ઉધઇ ખાઇ ગઇ.
- ♥ અમરનાથની યાત્રા પહેલાં હિમલિંગ ઓગળવા લાગ્યું.
- ♥ સુરતમાં લાલ લાઇટવાળી સરકારી ગાડીઓ સામે તપાસ શરૂ કરાઇ.
- ♥ અમેરિકન દૂતાવાસ પર આતંકવાદી હુમલાની આશંકા.

## શનિવારે જમ્મુમાં રાહુલ ભૂકંપ પીડિતોને મળશે

નવીદિલ્હી,તા.૧૪

કોંગ્રેસનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આવતીકાલે જમ્મુની એક દિવસીય મુલાકાત લઈ રહ્યા છે. આ દરમિયાન રાહુલ ગાંધી કાશ્મીરનાં બડગામ જિલ્લામાં એક કાર્યક્રમમાં ભાગ લેશે ઉપરાંત જમ્મુનાં ડોડા જિલ્લામાં ભૂકંપ પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેશે. રાહુલ ગાંધી ડોડા ઉપરાંત ભદ્રવાહમાં પણ ભૂકંપ પીડિતોની મુલાકાત લેશે.

જમ્મુ કોંગ્રેસમાં ગણગણાટ થઈ રહ્યો છે કે આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રદેશ કોંગ્રેસને વિશ્વાસમાં લેવામાં આવી નથી. રાહુલ ગાંધીનો એક દિવસીય પ્રવાસ કેન્દ્રીય સ્તરે જ નક્કી કરી દેવાયો છે. આવતીકાલે રાષ્ટ્રીય રાજધાનીથી રાહુલ એક સ્પેશિયલ વિમાન દ્વારા શ્રીનગર એરપોર્ટ પહોંચશે જ્યાંથી તેઓ બડગામ જિલ્લામાં રોજગાર સાથે સંકળાયેલ એક યોજના અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે. ત્યારબાદ રાહુલ ડોડા જિલ્લામાં હેલિકોપ્ટર દ્વારા રવાના થશે અને ત્યાં ભદ્રવાહ વિસ્તારનાં ભૂકંપ પીડિત લોકો સાથે મુલાકાત કરશે તેમજ નુકસાનનો અંદાજ મેળવશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ૨૮ મેનાં રોજ રાહુલ ગાંધીએ આ વિસ્તારની મુલાકાત લેવાની હતી પરંતુ છત્તીસગઢમાં કોંગ્રેસી નેતાઓ પર થયેલાં હુમલાને કારણે તેમનો કાર્યક્રમ રદ કરી દેવાયો હતો.

## પેટ્રોલિયમ પ્રધાનો પર આયાત લોબીનું હંમેશા દબાણ રહે છે

નવી દિલ્હી,તા. ૧૪

પેટ્રોલિયમ પ્રધાન એમ વીરપ્પા મોઈલીએ આજે કહ્યુ હતુ કે ઈમ્પોર્ટ લોબી પેટ્રોલિયમ પ્રધાનો પર દબાણ લાવતી રહે છે. સાથે સાથે ધમકીઓ પણ આપતી રહે છે. ભારતના તેલ આયાત બિલને ઘટાડવા માટે લેવામાં આવી રહેલા પગલાને લઈને ઈમ્પોર્ટ લોબી દ્વારા હમેશા ચેતવણી આપવામાં આવે છે. ભારતના ૧૬૦ અબજ ડોલરના તેલ આયાતમાં કાપ મૂકે તેવા નિર્ણય ન લેવા જોરદાર લોબી પણ ચલાવવામાં આવે છે. કુદરતી ગેસની કિંમત ૬૦ ટકા સુધી વધારવાની દરખાસ્ત બદલ સીપીઆઈના નેતા ગુરુદાસ દાસ ગુપ્તા તરફથી ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલા મોઈલીએ કહ્યુ હતુ કે તેઓ તેલ અને ગેસ સંશોધનના ક્ષેત્રમાં મૂડીરોકાણને આકર્ષિત કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આનાથી સ્થાનિક ઉત્પાદનમાં વધારો થશે. આયાત પર આધાર રાખવાની જરૂર પડશે નહીં. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યુ હતુ કે અન્ય લોબીઓ પણ ચાલી રહી છે. આ લોકો આયાત બંધ કરવાનું પણ ઈચ્છતા નથી. કેટલીક લોબી આ સંબંધમાં ચાલી રહી છે. દરેક પ્રધાન સમય સમયે ધમકી આપવામાં આવે છે. પેટ્રોલિયમ મંત્રાલય સંભાળનાર દરેકને આવી સ્થિતિમાંથી પસાર થવું પડે છે. પ્રધાનોને પ્રત્યક્ષરીતે અથવા પરોક્ષરીતે ધમકી આપનાર કોઈની પણ ઓળખ આપવાનો મોઈલીએ ઈન્કાર કર્યો હતો. પરંતુ તેમના આ નિવેદનને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મોઈલીએ એમ પણ કહ્યુ હતુ કે કુદરતી ગેસની કિંમતોમાં સુધારા મૂડીરોકાણકારોના આત્મવિશ્વાસને વધારવા માટે ખુબ જરૂરી છે. આનાથી મૂડીરોકાણ આકર્ષિત થશે. છેલ્લા ચાર પાંચ વર્ષમાં સ્થિતિ બદલાઈ છે. અમને યોગ્ય કિંમત મળી રહી નથી. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિ સમક્ષ સ્થાનિક ગેસ કિંમત વધારવાની દરખાસ્ત તેઓએ રજુ કરી હતી.

## સોનમ કપુર સ્વબળે બોલીવુડમાં સફળ થશે

મુંબઈ, તા. ૧૪

સોનમ કપુર પોતાના પિતા અનિલ કપુરની સફળતાનો ફાયદો ઉઠાવવા માંગતી નથી પરંતુ આપબળે બોલીવુડમાં પોતાનું સ્થાન મજબુત બનાવવા માંગે છે. રણબીર કપુર સાથે 'સાંવરીયા' ફિલ્મ બોલીવુડમાં પ્રવેશ કરનાર ૨૮ વર્ષીય સોનમનું કહેવું છે કે તેના પિતાએ બોલીવુડમાં પોતાનું સ્થાન મજબુત બનાવવા માટે ઘણી મહેનત કરી છે. હું તેમની સફળતાનો ફાયદો ઉઠાવવા માંગતી નથી. જો મારી ફિલ્મો નિષ્ફળ રહેશે તો હું નથી ઈચ્છતી કે



મારા જીવનની અસર તેમના જીવન પર પડે.

સોનમને પિતા અનિલ કપુર પર ઘણો ગર્વ છે. તે જાણે છે કે તેના ભાગે જે ફિલ્મો આવી છે તેમાં તેણે ઘણું સારૂ કામ કર્યું છે. મારા પિતા મારા કામથી ઘણાં ખુશ છે અને તેઓ અવાર-નવાર મારા કામ વિષે વાત કરતા રહે છે. જો કે મને તેનાથી ઘણી શરમનો અનુભવ થાય છે. તેઓ હંમેશા મારા ફોટો પાડતા રહે છે અને દરેક વ્યક્તિને બતાવતા રહે છે અને કહે છે કે 'જુઓ આ મારી પુત્રી સોનમ કપુર છે.' હું મારા પિતાને ઘણો પ્રેમ કરું છું. ઘણાં લોકો મને ફેશન આઈકોન પણ માને છે. મે મારી અલગ ઓળખ ઉભી કરવા માટે ઘણી મહેનત કરી છે.

હાલ સોનમ રાંઝણા, ભાગ મિલ્ખા ભાગ, ખૂબસુરતની રીમેક અને અંશુમન ખુરાના સાથે એક અન્ય ફિલ્મમાં કામ કરી રહી છે. સોનમ બોલીવુડમાં ઘણી સ્ટાઈલિશ હિરોઈન ગણાય છે. ઐશ્વર્યા રાયની ઘણી ઈન્ટરનેશનલ બ્રાન્ડ ફેશન આઈકોન હોવાને કારણે તેના ફાળે ગઈ છે.

## દલાઈ લામાનાં સ્થાને કોઈ મહિલા આવે તેવી શક્યતા

મેલબોર્ન,તા.૧૪

તિબેટનાં બૌદ્ધ ધર્મગુરૂ દલાઈ લામાએ જણાવ્યું હતું કે, તેમની ઉત્તરાધિકારી કોઈ મહિલા હોય શકે છે. તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓમાં નેતૃત્વનાં તમામ ગુણોનો સમાવેશ થતો હોય છે માટે મારાં ઉત્તરાધિકારી તરીકે કોઈ મહિલા હોય શકે છે. હાલમાં દલાઈ લામા ઓસ્ટ્રેલિયાનાં દસ દિવસનાં પ્રવાસ પર છે. ઓસ્ટ્રેલિયન પ્રધાનમંત્રી જુલિયા ગિલાર્ડની સામે સમલૈંગિક સંબંધો પર વિવાદ ચાલી રહ્યો છે ત્યારે દલાઈ લામાનું આવું નિવેદન જાહેર થતાં પ્રજામાં ગણગણાટ ઉભો થયો છે. દલાઈ લામાએ પત્રકારોને જણાવ્યું હતું કે, જો એવી પરિસ્થિતિનું નિર્માણ થાય કે જેમાં મહિલા દલાઈ લામાનું હોવું જરૂરી બને તો મહિલા દલાઈ લામા આવશે, જ્યારે તેમને ગિલાર્ડ દ્વારા ચાલી રહેલાં સમલૈંગિક વિવાદને ફરી શરૂ કરવામાં આવ્યું હોવાની બાબતે પૂછવામાં આવતાં તેમણે કહ્યું કે, દુનિયા અસમાનતાનાં નૈતિક સંકટ સામે ઝુલ્સી રહી છે. હાલ એવા નેતાઓની જરૂર છે જેઓ તેમનાં હોદ્દા પર સંવેદના લાવી શકે. દલાઈ લામાએ કહ્યું કે, બીજાનાં કલ્યાણ માટે જ્યારે સંવેદનશીલતા ઉભી થાય છે તેવું મોટાભાગે મહિલાઓમાં બને છે.